બુદ્ધ સંકટનો સમય ઘણો મૂલ્યવાન સમય હોય છે જ્યારે બધી જ વસ્તુ વ્યવસ્થિત હોય અને કોઈ સંકંટ ન હોય,વસ્તુઓ મૃત થઈ જાય છે જ્યારે કંઈ પણ બદલાતું નથી અને જુનાની પકડ વધુ ગાઢ હોય ત્યારે તમારા જીવનને બદલવું લગભગ અસંભવ હોય છે. જ્યારે બધી જ વસ્તુ ગડબડ હોય, કંઈ પણ સ્થિર ન હોય, કંઈ પણ સુરક્ષિત ન હોય, કોઈને ખબર ન હોય કે બીજી ક્ષણે શું થશે-આવા ગડબડીના છે અને પહેરેદાર કામ ઉપર નથી. તમે સરળતાથી ભાગી શકો છો. બુદ્ધના સમયમાં પરિસ્થિતિ આવી જ હતી. પચ્ચીસ સદીઓમાં વર્તુળ પૂર્ણ થાય છે. જૂની આધારશિલાઓ સમાપ્ત થઈ ગઈ સમાજને નવી આધારશિલાઓ રાખવી પડે છે. આખું ભવન મૂલ્યહીન થઈ જાય છે તેને પાડી દેવાનું છે ત્યારે આર્થિક, સામાજિક, રાજનૈતિક ધાર્મિક બધી જ વ્યવસ્થાઓ વિચલિત થઈ જાય છે. નવાનો જન્મ થવાનો છે. આ પ્રસવપીડા છે. આની સંભાવનાઓ છે કે તમે જૂના પડેલા જુનવાણી ઢાંચાને સરખા કરવા લાગો. ત્યારે તમે ચુકી જાવ છો કારણ કે હવે કાંઈ નહીં થઈ શકે સમાજ મરી રહ્યુ છે પ્રત્યેક સમાજના આયુષ્યની અવધિ હોય છે અને પ્રત્યેક સભ્યતાના જીવનની




સમયમાં તમે સ્વતંત્ર છો, તમે બદલાઈ શકો છો. તમે સ્વ હોવાના અત્યતિક સત્યને ઉપલબ્ધ થઈ શકો છો જ્યારે સમાજ મુશ્કેલીમાં હોય અને બધી જ વસ્તુઓ સંકટમાં ગડબડી પ્રવેશ કરી ચૂકી હોય-આ ક્ષણ છે, તમે આ કેદથી ભાગી શકો છો. આ સરળ છે કારણ કે કોઈ પણ તમારી ઉપર પહેરો નથી આપી રહ્યું કોઈ તમારી પાછળ નથી. તમે એકલા છોડી દેવાયા છો વસ્તુઓ એવી છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાની ચિંતા કરી રહ્યો છો-કોઈ તમને નથી જોઈ રહ્યુ. આ જ ક્ષણ છે. આ ક્ષણને ચૂકશો નહીં મહાન સંકટના કાળમાં હંમેશાં અત્યધિક બુદ્ધત્વ ઘટે છે જ્યારે સમાજ સ્થાપિત હોય અને વિદ્રોહની, પાર જવાની નિયમોના પાલન ન કરવાની સંભાવના લગભગ ન હોય ત્યારે બુદ્ધત્વ વધુ મુશ્કેલ બને છે - કારણ કે આ સ્વતંત્રતા છે, આ અરાજકતા છે.

**જ્યારે બધી જ વસ્તુ ગડબડ હોય, કંઇ પણ સ્થિર ન હોય, કંઇ પણ સુરક્ષિત ન હોય, કોઇને ખબર ન હોય કે બીજી ક્ષણે શું થશે-આવા ગડબડીના સમયમાં તમે સ્વતંત્ર છો, તમે બદલાઇ શકો છો**

આ સમાજથી દૂર થઈને અને નિજત્વને ઉપલબ્ધ થવાનું છે. સમાજ નિજતાથી ભરેલા લોકોને નથી ઈચ્છતું, સમાજ પ્રામાણિક લોકોને નથી ઈચ્છતું આ બહેરૂપીયા દેખાડો કરવાવાળા, પાંખંડી ઈચ્છે છે નહીં કે વાસ્તવિક લોકો કારણ કે વાસતવિક લોકો હંમેશા તકલીફમાં હોય છે વાસતવિક વ્યકતિ હંમેશા સ્વતંત્ર વ્યક્તિ હોય છે. તમે તેની ઉપર વસ્તુઓ થોપી નહીં શકો તમે તેને કેદી નહીં બનાવી શકો. તેના માટે સ્વતંત્રતા જીવન કરતાં વધુ મૂલ્યવાન છે સ્વતંત્રતા તેના માટે શ્રેષ્ઠતમ મૂલ્ય છે જ્યારે પણ સમાજ તકલીફમાં હોય અને બધા જ પોતાના કામમાં ઉલઝેલા હોય-ભાગી જાઓ! આ ક્ષણમાં જ કેદખાનાના દરવાજા ખૂલે છે. દીવાલોમાં ઘણી તિરાડો અવધિ હોય છે પ્રત્યેક સભ્યતા જે જન્મ લે છે તેને મરવું પડે છે આ જટિલ ક્ષણો પૌરાણિકના મૃત્યુની ક્ષણો છે અને નવાનો જન્મ તમારે જૂનાને સહારો આપવાની ચિંતા ન કરવી જોઈએ તેનું મૃત્યુ નિશ્ચિત છે. જો તમે તેને સહારો આપ્યો તો બની શકે કે તમે તેની નીચે દબાઈ જાઓ. અહીં એક બીજી પણ સંભાવના છેઃ તમે નવાને લાવવા માટે સામાજિક ક્રાંતિમાં લાગી જાવ ત્યારે પણ તમે અવસરને ચૂકી જશો કારણ કે નવાનું આગમન નિશ્ચિત છે તમારે તેને નથી લાવવાનું. નવું પહેલેથી જ આવી રહ્યું છે- તેની ચિંતા નહીં કરો.

**ઓશો વાણી**

ક્રાંતિકારી નહીં બનો. નવું આવશે જ. તમે સંકટના આ કાળનો ઉપયોગ કરી શકો છો અને રૂપાંતરિત થઈ જાઓ પોતાના આંતરિકના વિકાસમાં આનો ઉપયોગ કરો. ઈતિહાસમાં સંકટની ક્ષણથી વધુ કાંઈ નથીઃ દરેકવસ્તુ તનાવપૂર્ણ છે અને દરેક વસ્તુ સઘન છે અને બધી જ વસ્તુ ક્ષણમાં આવી ગઈ છે અને શિખર ઉપર, જ્યાંથી વર્તુળ ફરશે આ દ્વારનો, આ અવસરનો ઉપયોગ કરો અને રૂપાંતરિત થઈ જાઓ. (ઓશો : અ ન્યૂ ડાયરેક્શન પુસ્તકમાંથી. સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)

# ઈકો-ફ્રેન્ડલી પ્રતિમાઓ સાથે ગણેશ ભક્તોમાં જાગૃતતા આવી છે

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

શિવપુરાણ અનુસાર ભાદ્રપદની સુદ ચતુર્થીએ ભગવાન શ્રી ગણેશજીનું પ્રાગટ્ય થયુ હતું. પૌરાણિક કાળથી આ ગણેશ ચતુર્થીનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ જળવાઈ રહેલું છે પણ ગુલામ ભારતની સ્વતંત્રતાની ચળવળને વેગ આપવા સ્વાતંત્ય સેનાની લોકમાન્ય બાળગંગાધર તિલકે ૧૮૯૩માં લોકોને એકત્ર કરવા ગણેશ ચતુર્થીને ગણેશોત્સવનું સ્વરૂપ આપી ઉજવણી ચાલુ કરી હતી. મહારાષ્ટ્રમાંથી પ્રારંભ થયેલ ગણેશોત્સવ આજે દેશભરના વિવિધ રાજ્યોમાં ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. સતત દસ દિવસની ઉજવણી બાદ અગિયારમે દિવસે સ્થાપિત ગણેશ પ્રતિમાનું સરિતા-સાગરમાં વિસર્જન કરાય છે. જો કે યોગાનુયોગ આજે સોમવારથી પ્રારંભ થઈ રહેલો ગણેશોત્સવ આ વખતે વૃદ્ધિતિથિ હોવાથી અગિયાર દિવસ ચાલશે અને અનંત ચતુર્થીના બારમા દિવસે પ્રતિમાઓનું વિસર્જન કરાશે.

જ્યોતિષશાસ્ત્રના પંચાંગની ગણના અનુસાર આજે ગણેશ ચતુર્થીના દિવસે રવિયોગનો પણ અદ્ભુત સંયોગ બની રહ્યો છે અને ચાર દિવસ દરમ્યાન ગ્રહોની વિશેષ સ્થિતિ જેમ કે ગુરૂની ઉચ્ચ રાશિ કર્ક પ્રવેશ અને શનિનો વક્રિ હોવા છતાં મેષ, મિથુન, કન્યા, તુલા અને મકર જેવી રાશિના જાતકો માટે આ ઉત્સવ વધુ ફળદાયી રહેશે એવું મનાય છે. બુધ માટે એવું કહેવાયુ છે કે બુધ ગણપતિનો કારક છે અને તે પોતાની રાશિ હસ્તનક્ષત્રમાં રહેશે. હસ્તનક્ષત્રનો અર્થ ‘બનાવવું કે ગોઠવવાની શક્તિ’ એવો થાય છે. તેથી લેખકો, વિદ્યાર્થીઓ કે કૌશલ્ય શીખનાર ગણેશભક્તો માટે આ દિવસો શ્રેષ્ઠ રહેશે. બુધ અસ્તમાંથી બહાર આવ્યો હોવાથી આ જે ચતુર્થીના દિવસે ‘‘ૐ બું બુધાય નમઃ’’ અથવા ‘‘ૐ ગં ગણપતયે નમઃ’’ નો ૧૦૮ વાર જપ કરવાથી અને પાંચ દિવસ પછીના બુધવારે મગની દાળનું દાન કરવાથી ગણેશભક્તો માટે ખૂબ લાભદાયી રહેશે એવું જ્યોતિષાચાર્યોનું કથન છે. જો કે ખૂબ શ્રદ્ધાનો વિષય છે. સામાન્ય રીતે તો આપણે ગણેશોત્સવના દસ દિવસ વિદ્વાન બ્રાહ્મણોની સૂચના અનુસાર સ્થાપન, પૂજન, હવન, યજ્ઞ, ઈત્યાદી ધર્મકાર્ય આપણી શ્રદ્ધા અને શક્તિ અનુસાર કરતા હોઈએ છીએ.

ગત સપ્તાહથી બાપ્પાના આગમનની ખૂબ ધામધૂમથી સવારીઓ ગંતવ્ય સ્થાને પહોંચી રહી છે. અનંત ચૌદશે બાપ્પાની વિદાય ખૂબ ધામધૂમથી થતી પણ હવે છેલ્લા કેટલાક વર્ષોથી ડી.જે., બેન્ડવાજા અને જુદી જુદી થીમ સાથે શ્રીજીના આગમનનો નવો ટ્રેન્ડ ચાલુ થયો છે. આગમન પાછળ પણ લાખો રૂપિયા ખર્ચતા જુદા-જુદા ગણેશ મંડળો વચ્ચે કંઈક નવું કરી શ્રેષ્ઠ બનવાની જાણે હોડ જામી હોય એ રીતે કરોડોના પંડાલો પણ હવે સુરતમાં જોવા મળી રહ્યા છે. લાખો-કરોડો ખર્ચ કરી રહેલા ગણેશ મંડળોના સદસ્યોમાં જાગૃતિ આવી હોય તેમ ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાઓ વધુને વધુ જગ્યાએ જોવા મળી રહી છે. માટીની, ગોબરની અને પેપરના માવાની ગણેશ પ્રતિમાઓ બની રહી છે અને અનેક પંડાલોમાં પ્રસ્થાપિત પણ થઈ રહી છે. આવી પ્રતિમાઓ પાણીમાં ઓગળી જઈ જલ્દી વિસર્જીત થઈ શકે છે. પ્લાસ્ટર ઓફ પેરિસની બનતી ગણેશ પ્રતિમાઓ વિસર્જીત કર્યા પછી પાણીમાં ઓગળતી નહીં હોવાથી નદી-સમુદ્રના તટ પર ખેંચાઈને ખંડિત હાલતમાં પડી રહેતી હોવાથી ગણેશભક્તોની લાગણી દૂભાતી હોવાના સમાચારો પ્રતિ વર્ષ સાંભળવા મળે છે, પણ સ્થાનિક પ્રશાસનના પ્રયાસો ઉપરાંત કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કેટલાક કડક નિયંત્રણોને કારણે છેલ્લા વર્ષોમાં પરિસ્થિતિ સુધરી છે.

ગણેશ પંડાલોમાં ભક્તોને અપાતા પ્રસાદ માટે સિંગલ યુઝ પ્લાસ્ટીકના કે થર્મોકોલ પાત્રોના વપરાશ ઉપર પણ કડક નિયંત્રણો છે જેને ગણેશમંડળોએ સ્વેચ્છાએ સહકાર આપવો જોઈએ. આ વર્ષે ગણેશ મંડળોના કે ઘરમાં પ્રસ્થાપિત નાના-મોટા મળી અંદાજે ૮૦ થી ૮૫ હજાર ગણેશજીની સ્થાપના થશે અને આ માત્ર સુરત શહેરની વાત છે. હવે આટલી મોટી સંખ્યાના ગણેશ સ્થાપન પછી દસ-બાર દિવસ સુધી ગણેશજીને ચઢાવાતા રોજે રોજના હાર અને ફૂલોનો વેસ્ટ બીજા દિવસે હજારો ટનના હિસાબે નીકળતો હોય છે. ફૂલોનો આ વેસ્ટ લોકો નદીમાં ના પધરાવે તેના માટે મહાનગરપાલિકા જ એકઠા કરે છે અને ફૂલોના વેસ્ટમાંથી ખાતર બનાવવાના સુરતના ચોક, કતારગામ જેવા અન્ય બે-ત્રણ વિસ્તારોમાં આવેલ પ્લાન્ટમાં મોકલી અપાય છે. સુરતની સામાજિક સંસ્થાના કેટલાંય કાર્યકરો સતત દસ દિવસ આ કાર્યને સહયોગાર્થે ફૂલોના વેસ્ટના કલેક્શનમાં સેવા આપી રહ્યા હોય છે. ફૂલોનુ ખાતર ફળો અને શાકભાજી માટે ખૂબ વધુ ઉપયોગી હોય છે.

આ વર્ષે સુરતના વેસુ વિસ્તારમાં લોકમાન્ય તિલક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા લગભગ ૪૦,૦૦૦ સ્કવેર ફૂટના વિશાળ પંડાલમાં ભવ્ય પ્રવેશદ્વાર અને રાજમહેલની થીમ સાથે ભવ્ય આયોજન થયુ છે જેમાં મહત્ત્વની એ બાબત છે કે ગણેશજીની ૨૨ ફૂટ ઊંચી ૭૦૦ ટકા ટિશ્યુ પેપરમાંથી બનાવેલી પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ છે. એટલે કે ઈકો-ફ્રેન્ડલી પ્રતિમાનું આ સ્વરૂપ ખરેખર સરાહનીય છે. ઉત્સવો આપણે જરૂર ઉજવીએ અને એ પણ હર્ષોલ્લાસથી ઉજવીએ પણ ધર્મ સાથે રાષ્ટ્રધર્મ પણ ન ભૂલવો જોઈએ. માત્ર થોડી જાગૃતતા આપણા ઉત્સવની ઉજવણીના આનંદમાં જરૂર વધારો કરશે. ધ્વનિ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, વાતાવરણનું પ્રદૂષણ અટકાવવામાં આપણી સચેતતા, જાગૃતતા નિમિત બની શકે છે. જો કે તહેવારોના સમયે આવી વાતોથી આપણા સનાતનીઓ ભક્તિના આવેશમાં ભડકી ઉઠે છે કે હિન્દુ તહેવારોના સમયે જ આ પ્રકારે જ્ઞાન આપવા પ્રગટે છે પણ ખરેખર રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની થોડી સમજ કેળવીએ તો પણ ભક્તિનો એક પ્રકાર જ ગણાશે.

ખેર, ગણેશોત્સવ આજથી જ્યારે પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ઉત્સવ સ્પર્શી વાતો કરીએ. આજનો Gen-Z યુવાવર્ગ સ્માર્ટ છે, હોશિયાર છે અને સાથે સાથે ધાર્મિક પણ છે. કારણ કે યુવાવર્ગ સ્માર્ટનેસ સાથે આનંદ પણ શોધતો હોય છે. આપણા ધાર્મિક તહેવારો રંગરંગીન અને આનંદપ્રિય રહ્યા છે કે માત્ર યુવાઓ જ નહીં પણ બાળકોથી લઈ પ્રૌઢો સુધી સૌ કોઈને માટે પ્રિય રહ્યા છે, ધર્મ પ્રત્યેની રૂચિ વધારનારા રહ્યા છે. ગણેશોત્સવ એવા ગમતીલા તહેવારોમાંનો એક છે અને એટલે જ મહારાષ્ટ્રથી પ્રારંભ થયેલ આ મહોત્સવ દેશભરના વિવિધ રાજ્યોમાં પ્રાંતિય પરંપરા મુજબ ઉજવાતો રહ્યો છે. જન્માષ્ટમીમાં દહીહાંડી અને દસ દિવસનો આ ગણેશોત્સવ મહારાષ્ટ્રની વિશેષ ઓળખ બની ગયો છે. આ ઉત્સવને ગોવામાં ત્યાની સ્થાનિક ભાષામાં ચવથ કહે છે. અહીંના લોકોનો આ પારિવારિક ઉત્સવ છે. પ્રાકૃતિક માટીની ગણેશ મૂર્તિ સ્થાપિત કરે છે અને પૂજા સ્થળને ફળ-ફૂલ અને વિવિધ પ્રકારની ઔષધીય વનસ્પતિથી સજાવે છે જેને માટોલી કહે છે.

ગુજરાતમાં તો હવે સુરત, અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ અને જામનગર જેવા મોટા શહેરોમાં તો ખૂબ ઉત્સાહપૂર્વક મોટા આયોજનો સાથે ગણેશોત્સવ ઉજવાતો થયો છે તો નાના તાલુકા-શહેરોમાં પણ ઉત્સવની અસર જોવા મળે છે. પણ એક પરંપરા કોમન થઈ ગઈ છે કે ગણેશોત્સવ દરમ્યાન સાંજની આરતી પછી ગુજરાતની ઓળખ જેવા ગરબા અને રાસ લઈ નવરાત્રિના આગમન પૂર્વે જ આનંદ માણી લે છે. તેલંગણા અને આંધ્રપ્રદેશમાં વિશાળ કદની ગણેશપ્રતિમા સ્થાપિત કરવાની પરંપરા છે. અહીં હૈદરાબાદના ખૈરાતાબાદ ગણેશ પ્રતિ વર્ષ ખૂબ ઊંચી પાંચ-છ માળ જેટલી ઊંચાઈની પ્રતિમા પ્રસ્થાપિત કરાય છે જેને માટે વિખ્યાત છે. કર્ણાટકમાં ગણેશ ચતુર્થી ‘ગૌરી હબ્બા’ ઉત્સવ સાથે જોડાયેલ છે. જેમાં ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલા ગૌરી (પાર્વતી)ની સ્થાપના અને પૂજા થાય છે.

અહીં ભગવાન ગણેશને મોદક સાથે કડાબૂ નામની વિશિષ્ટ વાનગીનો ભોગ ધરાવાય છે. ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનું અધિક મહત્ત્વ છે તેથી અહીં મહારાષ્ટ્રની જેમ હરેક ગલી-મહોલ્લામાં ગણેશ સ્થાપન નથી થતું પણ મારવાડી, ગુજરાતી અને મરાઠી લોકોની જ્યાં વધુ વસ્તી છે એવા વિસ્તારોમાં દોઢ દિવસ, ત્રણ કે પાંચ દિવસ અને બહુ ઓછા સ્થળોએ પૂરા દસ દિવસની ગણેશ સ્થાપના કરાય છે. જો કે જેટલા પણ આયોજન થાય છે તે ખૂબ જ કલાત્મક અને સાંસ્કૃતિક ઓળખ આપે તેવા આકર્ષક હોય છે. ખાસ કરીને અહીં બધી જ ઈકો-ફ્રેન્ડલી પ્રતિમાઓ જ બને છે જેથી સરળતાથી ગંગામાં વિસર્જિત કરી શકાય છે.

**ગણેશોત્સવ એવા ગમતીલા તહેવારોમાંનો એક છે અને એટલે જ મહારાષ્ટ્રથી પ્રારંભ થયેલ આ મહોત્સવ દેશભરના વિવિધ રાજ્યોમાં પ્રાંતિય પરંપરા મુજબ ઉજવાતો રહ્યો છે**





|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૮૦

# બ્રહ્માજીનો મોહભંગ


**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

હવે શ્રીકૃષ્ણ શું કરે છે? વાછરડા અને ગોપ બાળકોને ક્યાં શોધે છે? તે કૌતુક જોવા માટે અદ્રશ્યરૂપે એક જ ક્ષણમાં બ્રહ્માજી પાછા વૃંદાવનમાં આવ્યા પરંતુ કાળની ગણતરી પ્રમાણે, બ્રહ્માજીની એ એક ક્ષણમાં ભૂલોકમાં એક વર્ષ વીતી ગયું હતું.

બ્રહ્માજીએ આવીને જોયું, તો ત્યાં શ્રીકૃષ્ણ અગાઉની જેમ જ વાછરડાઓ તેમ જ બાળકો સાથે ક્રીડા કરી રહ્યા હતા. બ્રહ્માજી વિચારવા માંડ્યા કે, “મેં ચોરી કરેલાં તમામ બાળકો અને વાછરડાઓ તો મારા માયામય શયનમાં સૂતેલા છે, તેઓ તો હજુ સુધી ઊઠ્યા પણ નથી, તો પછી આ બાળકૃષ્ણ સાથે ક્રીડા કરી રહેલા અને તેમના જેવાં જ દેખાતાં આ નવાં બાળકો અને વાછરડાઓ અહીં ક્યાંથી આવ્યા હશે? કદાચ નવાં હોય તો પણ તેટલી સંખ્યામાં અને તેવાં જ દેખાતાં તો નહિ જ હોવાં જોઈએ. તો પછી હું જેને બ્રહ્મલોકમાં મૂકી આવ્યો તે સાચાં કે આ બધાં સાચાં?”તેઓ મૂંઝવણમાં પડ્યા અને હકીકત જાણવા કોઈ પણ પ્રકારે સમર્થ થઈ શક્યા નહિ. પોતે રચેલી માયાથી જાણે તેઓ પોતે જ પ્રભાવિત થઈ ગયા.

જેમ આગિયો સૂર્યને પોતાનો પ્રકાશ બતાવવા જતા પોતે જ અંજાઈ જાય છે, તેમ જગતને મોહ પમાડનાર શ્રીવિષ્ણુને મોહ કરવા જતા પોતે જ મોહમાં પડી ગયેલા બ્રહ્માજી, અનેક તર્ક કરતા કરતા તારણ મેળવવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા.

આ પ્રયત્ન સાથે જ બ્રહ્માજી ભગવાનની આ લીલાને એકીટશે જોઈ પણ રહ્યા હતા અને ત્યારે જ તેમને સર્વે બાળકો અને વાછરડાઓમાં ચાર ભુજાઓવાળા; મેઘસમાન શ્યામસુંદર કાંતિવાળા; પીળા રેશમી વસ્ત્રોને ધારણ કરેલા; શંખ, ચક્ર, ગદા તથા પદ્મથી શોભી રહેલી તેમ જ શ્રીવત્સની કાંતિવાળા બાજુબંધોથી શોભી રહેલી ભુજાઓવાળા; કિરીટ, કુંડળ, હાર તથા વનમાળાઓથી દીપી રહેલા; ચરણોમાં નૂપુરોના તથા હાથોમાં કંકણ વગેરેના શણગારવાળા; ચરણથી મસ્તક સુધી તુલસીની નવીન માળા ધારણ કરેલા; રતાશ પડતાં નેત્રોથી જાણે કે ભક્તો માટે ઈષ્ટ પદાર્થ ઉત્પન્ન કરવા રજોગુણ ધરી રહ્યા હોય તેવા દેખાતા; ચાંદની જેવા મંદ હાસ્યથી ભક્તોને જાણે કે ઈષ્ટ પદાર્થોરૂપી સત્ત્વગુણને ધરી રહ્યા હોય તેવા દેખાતા; જુદા જુદા બ્રહ્મદેવો સહિત જુદા જુદા બ્રહ્માંડોમાં નૃત્ય તથા ગાયન આદિ અનેક ઉપચારોથી સેવાતા; અણિમા આદિ આઠ મહાસિદ્ધિઓ, અજા વગેરે વિભૂતિઓ તથા મહતત્ત્વ વગેરે ચોવીસ તત્ત્વોને રોમેરોમમાં ધરી રહેલા તેમ જ સત્ય, જ્ઞાન અને આનંદની મૂર્તિરૂપે માત્ર અને માત્ર ભગવાન શ્રીકૃષ્ણ જ જોવામાં આવ્યા. આ એ જ મહાવિષ્ણુના અવતાર હતા કે જેમને પોતાની સભામાં અને અધ્યક્ષતામાં દેવો તેમજ ભૂમિદેવી દ્વારા પૃથ્વી પર અવતાર લઈને અસુરોના નાશ માટે, સાધુ પુરુષોના રક્ષણ માટે, તેમ જ ધર્મ વિસ્થાપન માટેના કાર્ય માટે વિનંતી કરવામાં આવી હતી. આ પ્રમાણે જરા વારમાં અનેક બ્રહ્મા અને બ્રહ્માંડો વડે સેવાતા અનેક શ્રીકૃષ્ણ એકસાથે જોવામાં આવતા કૌતુભથી અત્યંત ક્ષોભ પામેલા અને સ્તબ્ધ થઈ ગયેલા બ્રહ્માજીની તમામ ઈન્દ્રિયો પણ જાણે



થીજી ગઈ, તેમનો હવે મોહભંગ થઈ ગયો અને તેઓ ચાર મુખવાળા પૂતળા જેવા દેખાવા માંડ્યા.

બ્રહ્માજીએ પોતાની માયાશક્તિથી જોયું તો ભગવાન શ્રીવિષ્ણુના પ્રભાવથી તેમને આધીન રહેલી તમામ શક્તિઓ તેમની પૂજામાં વ્યસ્ત હતી.

કાળ, આકાશ, દ્રશ્યજગત, સંસ્કાર, ઈચ્છા, કર્મ ઉપરાંત ભૌતિક પ્રકૃતિના ત્રણે ગુણો મૂર્તિમાન થઈને તેમની પૂજા કરી રહ્યા હતા. પહેલા તો જ્ઞાનની દેવીના અધિષ્ઠાતા તથા વૈદિકજ્ઞાનના સર્વોચ્ચ અધિકારી એવા બ્રહ્માજી ભગવાન દ્વારા પ્રગટ થયેલી આ અસામાન્ય લીલાને સમજી નહિ શકવાને કારણે ખૂબ વ્યગ્ર થયા હતા પરંતુ હવે તેમને સમજાઈ ગયું કે ‘આ પરમાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને ઉપનિષદોના અનુયાયીઓ દ્વારા પૂજ્ય છે’. તેમણે એ પણ અનુભવ કર્યો કે બાળકો તથા વાછરડાઓમાં શ્રીકૃષ્ણ તરીકે રૂપાંતરિત થયેલા શ્રીવિષ્ણુ એ કોઈ ‘યોગી’ની ‘યોગશક્તિ’નથી, પરંતુ ‘સાક્ષાત વિષ્ણુ’ જ છે.

તેઓ પોતાની મર્યાદિત શક્તિ દ્વારા એ પણ સમજી ગયા કે પરમેશ્વરની શક્તિના વિસ્તારથી જ આ દ્રશ્ય જગતની તમામ વસ્તુ વિદ્યમાન છે. બ્રહ્માજી જયારે આ પ્રમાણે પોતાની મર્યાદિત શક્તિથી હતપ્રભ થઈને ચાર મુખવાળા પૂતળા જેવા ઊભા રહ્યા, ત્યારે તેમને અનુભવ થયો કે પોતે પણ એક કઠપૂતળીની જેમ પ્રભુની ભૌતિકશક્તિની જ સૃષ્ટિ છે. જે પ્રમાણે કઠપૂતળીમાં નાચવાની સ્વતંત્ર શક્તિ નથી હોતી અને તે પોતાના માલિક દ્વારા અપાયેલા આદેશ પ્રમાણે નાચે છે, તેમ મારા સહિત તમામ દેવતાઓ તથા તમામ જીવો પણ પરમાત્માને આધીન છે.

બ્રહ્માજીને આ રીતે પૂતળા સમાન બની ગયેલા અને પરસેવાથી લથબથ થઈ ગયેલા જોઈ ભગવાન શ્રીકૃષ્ણને તેમના પર દયા આવી. આથી તેમણે માયાનું આવરણ હટાવી દીધું. શ્રીમદ ભાગવત ગીતામાં કહેવાયું છે કે ‘ભગવાન પોતાની માયાના ફેલાવેલા આવરણથી દશ્યમાન રહેતા નથી. જે આ વાસ્તવિકતા સમજી જાય અને માયાની આરપાર દ્રષ્ટિ કેળવે, ત્યારે જ તેઓ આ સત્યને સમજી શકે છે અને ત્યાર બાદ તેઓની એ માન્યતાનો છેદ ઊડી જાય છે કે ભગવાન આ દશ્ય જગતથી દૂર રહે છે’.

**ભગવાન પોતાની માયાના ફેલાવેલા આવરણથી દશ્યમાન રહેતા નથી. જે આ વાસ્તવિકતા સમજી જાય અને માયાની આરપાર દ્રષ્ટિ કેળવે, ત્યારે જ તેઓ આ સત્યને સમજી શકે છે અને ત્યાર બાદ તેઓની એ માન્યતાનો છેદ ઊડી જાય છે કે ભગવાન આ દશ્ય જગતથી દૂર રહે છે**

બ્રહ્માજી કોઈ સામાન્ય જીવ ન હતા પરંતુ તમામ દેવતાઓથી શ્રેષ્ઠ હતા. છતાં પણ તેઓ ભગવાનની આ લીલાને શરૂઆતમાં સમજી શક્યા નહિ. આથી ભગવાને માયાને તિરોહિત કરી તેનું આવરણ હટાવી દીધું કે જેથી બ્રહ્માજીની વ્યગ્રતા દૂર થાય અને તેઓ સત્યને જાણી શકે. જયારે બ્રહ્માજીનો મોહભંગ થયો અને સાચી પરિસ્થિતિનું ભાન થયું ત્યારે શું થયું? સમજશું આવતા લેખમાં..

(ક્રમશઃ)